ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



ગમે તેટલાં સફાઈ અભિયાનો થવા છતાં ગંદકી ગાંધીનગરનો કેડો મૂકતી નથી અને આવાં દ્રશ્યો આમ થઈ ગયાં છે એ જોઈને લાગે છે કે સ્વચ્છતા માટે માત્ર તંત્રથી કામ નહીં ચાલે, નગરજનોએ પણ પોતાની જવાબદારી સમજવી પડશે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ધો. ૧૦ની પૂરક પરીક્ષાનો પ્રારંભ

# જિલ્લાના ૧૦,૮૩૨ વિદ્યાર્થીઓ

## ધો. ૧૦ માટે ૧૪ કેન્દ્રો અને ધો. ૧૨ની પરીક્ષા અન્વયે ૮ કેન્દ્રો પર કાર્યવાહી

ગાંધીનગર, તા. ૧૧

ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓ માટે આજથી પૂરક પરીક્ષાનો પ્રારંભ થયો છે. માર્ચ-૨૦૧૩માં લેવાયેલી બોર્ડ પરીક્ષામાં ધો. ૧૦માં એકાદ વિષયમાં નાપાસ થયા હોય તેવા જિલ્લાના ૧૦,૮૩૨ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસશે. જિલ્લામાં ૧૪ કેન્દ્રો ખાતે પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગત મહિના દરમ્યાન માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર થયેલ ધો. ૧૦ના બોર્ડ પરિણામ બાદ એકાદ વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ માટે બોર્ડ દ્વારા પૂરક પરીક્ષાની શરૂઆત કરવામાં આવી છે. ધો. ૧૦નું બોર્ડ પરિણામ આમ પણ નબળુ હોવાનું ચિત્ર ઉપસી આવ્યા બાદ પુરક પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ હોવાનું ધ્યાને આવ્યું છે. જિલ્લામાંથી ૧૦,૮૩૨ વિદ્યાર્થીઓ જુદા જુદા વિષયની પરીક્ષામાં બેસશે. આજથી શરૂ થયેલી પરીક્ષાની કાર્યવાહી અન્વયે બોર્ડ કક્ષાએથી ઓબ્ઝર્વર પણ મુકવામાં આવ્યા છે. જિલ્લાના ૧૪ કેન્દ્રો પર પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પરીક્ષાના ઝોનલ અધિકારી તરીકે નિમાબેન પટેલને જવાબદારી સોંપવામાં આવી છે.

જિલ્લામાંથી ગણિત વિષયમાં ૫ હજાર, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, વિજ્ઞાન વિષયના ૩૯૩૨, સામાન્ય વિજ્ઞાનમાં ૯૭૧ તેમજ અન્ય ભાષાની ૬૮૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષાના સમય સવાર અને સાંજે તેમ તેમ બે તબક્કામાં રાખવામાં આવ્યો છે. ધો. ૧૨ માટે પણ જિલ્લાના ૮ કેન્દ્રો પર પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓ દ્વારા વારંવાર અકસ્માતના બનાવો બાદ હમણાં સે. ૨માં કૂતરાઓ ઝઘડતા ઝઘડતા રાહદારી સુભાષ પટેલને અડફેટે લેતાં તેઓ ઈજાગ્રસ્ત બન્યા છે.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમના ચાલી રહેલા નાટક ટુ ઈડિયટ્સના મુખ્ય કલાકાર કમલેશ ઓઝા ચાલુ નાટકે જમ્પીંગના એક દૃશ્ય દરમ્યાન સ્ટેજ પર જોરથી પટકાતાં તેમના પગે ફેક્ચર થયું છે. જો કે 'શૉ મસ્ટ ગો ઓન'ને વરેલા શ્રી ઓઝાએ વેદના સાથે આખો શૉ સંપન્ન કરતાં પ્રેક્ષકોએ તેમને સ્ટેન્ડીંગ ઓવેશન આપી અને તેમના પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.
- ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના હાજીપુર પંથકમાં આજે વરસાદનું ભારે ઝાપટુ પડ્યું હતું જો કે જિલ્લાનો કંટ્રોલ રૂમ વરસાદ નીલ બતાવે છે.
- ગાંધીનગર જિલ્લામાં આધાર કાર્ડ માટે કલેક્ટર ઓફિસના ચોથા માળે જગ્યા ફાળવવામાં આવતાં કાર્ડ કઢાવવા આવનારને ભારે મુસીબતોનો સામનો કરવો પડે છે.
- જિલ્લા કંટ્રોલ રૂમની પાણીની ટાંકીને દુરસ્ત કરાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.
- ગુરૂવારથી વિદ્યાસહાયકોની ભરતી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

## માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીના પગલે ૨૦મીએ શાળાઓમાં રજા

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યની દરેક જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ૨૦મી જુલાઈએ સભ્યોની સામાન્ય ચૂંટણીના લીધે બંધ રહેશે.

# શહેરની સિવિલ હોસ્પિટલમાં પ્રસુતાએ ૩ સંતાનોને જન્મ આપ્યો...!

## નોર્મલ ડીલીવરી બાદ ત્રણેય બાળકો જીવંત હોવાનો ગાંધીનગરનો પ્રથમ કિસ્સો : તબીબોની વધુ એક સફળતા : ૨૫ હજારમાં એક કિસ્સો જોવા મળે છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને સંખ્યાબંધ એવોર્ડસ વિવિધ સેવાઓ તથા સિદ્ધિઓ બદલ મળી ચુકેલા છે અને તબીબી સ્ટાફને પણ તેટલા જ એવોર્ડસ તેમની વિવિધ સિદ્ધિ બદલ મળેલા છે. ખુબ જ અઘરા ઓપરેશનો પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સફળતાપૂર્વક તબીબી ટીમ દ્વારા કરવામાં આવ્યા હોવાના દાખલા છે ત્યારે ગઈ સાંજે આ તબીબી ટીમે વધુ એક સફળતા પાર પાડી છે. નોર્મલ ડીલીવરીથી શહેરની પ્રસુતાને ત્રણ સંતાનો જન્મ્યા છે. ત્રણેય જીવંત બાળકો હોવાનો ગાંધીનગરનો આ પ્રથમ કિસ્સો છે. ૨૫ હજારમાં માંડ એક કેસ આવો જોવા મળતો હોવાનું મનાય છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નોર્મલ ડીલીવરીથી ત્રણ સંતાનોને જન્મ થયાના આટલા વર્ષોમાં ત્રણેક કિસ્સા બન્યા છે. જો કે આવા કિસ્સામાં બાળકો અસ્વસ્થ હોવાથી થોડી ક્ષણોમાં શ્વાસ છોડી દેતા હોય છે. આશરે ૨૫ હજારે એક કેસ આ પ્રકારનો જોવા મળતો હોય છે. જેમાં નોર્મલ ડીલીવરીથી ત્રણ બેબી બોર્ન થાય છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગઈ સાંજે આવો કિસ્સો બન્યો હતો. શહેરના સેક્ટર-૩-ન્યૂ માં રહેતી પ્રસુતા વર્ષાબેન ડામોરને નોર્મલ ડીલીવરીથી બે બેબી બોય અને એક બેબી ગર્લ મળીને ત્રણ બેબી અવતર્યા છે. સદ્ભાગ્યે ત્રણેય સંતાનો જીવંત છે. જો કે એક બેબીની તબીયત થોડી નાદુરસ્ત જણાતા અમદાવાદની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ડૉ. રાકેશ પટેલ, ડૉ. મેઘાવીબેન, ડૉ. પ્રીતીબેન તથા સ્ટાફ નર્સ સુમિત્રાબેનની મહેનત વધુ એક સફળતા સ્વરૂપે બહાર આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે નોર્મલ ડીલવરી બાદ પણ ત્રણ સંતાનોના જન્મ બાદ ત્રણેય જીવંત રહ્યા હોવાનો ગાંધીનગરનો આ પ્રથમ કિસ્સો છે.

# ફૂટપાથની જાળવણી માટે અલગ ગ્રાન્ટ ફાળવવા વિભાગને દરખાસ્ત

## ૯૬ કિ.મી.ની ફૂટપાથનું યોગ્ય જાળવણીના અભાવે અસ્તિત્વ જોખમાયું

ગાંધીનગર, તા. ૧૧

શહેરમાં ૯૬ કિ.મી. વિસ્તારમાં નિર્માણ કરાયેલી ફૂટપાથનું અસ્તિત્વ-જાળવણીના અભાવે જોખમાયું છે. જ્યારે ફૂટપાથ જાળવણી માટે અલગથી ગ્રાન્ટ ફાળવવા તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

ગાંધીનગરના ૫૧૩ કિ.મી.ના રોડ નેટવર્ક પૈકી ૯૬ કિ.મી.ના માર્ગો આસપાસ ફૂટપાથની આભા ઉભી કરવામાં આવી છે. જો કે ફૂટપાથ નિર્માણની કામગીરી સંદર્ભે હાથ ધરાયેલા સર્વેના અંતે ૨૬ કિ.મી.ના વિસ્તારમાં ફૂટપાથ નિર્માણનું કામ હજુ બાકી છે. બીજી તરફ ફૂટપાથની જાળવણીના મામલે ઉદાસીનતા સેવાતા વોક-વે ના અસ્તિત્વ સામે ખતરો મંડરાયો છે.

શહેરના મુખ્ય માર્ગો તેમજ સેક્ટરોના આંતરિક માર્ગો આસપાસ સ્થિત ફૂટપાથમાં કેટલાક ઠેકાણે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ફૂટપાથના ઉપયોગના મામલે પણ આમ નાગરિકો કાળજી ન રાખતા વોક-વે પર બાઈક દોડતા નજરે પડે છે. જ્યારે સેક્ટરોના એપ્રોચ માર્ગને જોડતી ફૂટપાથ પણ બેસી ગઈ છે. નાગરિકોએ સેક્ટરોમાં પ્રવેશવાના શોર્ટ કટ માટે ફૂટપાથના કોર્નર તોડી નાંખ્યા છે. જ્યારે ફૂટપાથની જાળવણી માટે વિભાગ દ્વારા ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવતી હતી. જેના પરિણામે રસ્તા સુધારણાના કામો અન્વયે જ ફૂટપાથ રીપેરીંગનું કામ ચલાવાય છે. આ સ્થિતિને ધ્યાને લઈ ૯૬ કિ.મી.ની ફૂટપાથની યોગ્ય જાળવણી માટે ખાસ રકમ ફાળવવા વિભાગને દરખાસ્ત મોકલવામાં આવી છે.

# આગામી ૪૮ કલાકમાં વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૧૧

આગામી ૪૮ કલાક દરમ્યાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં સામાન્યથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતથી કેરાલા સુધીના દરિયાકાંઠે ઓફસોરના કારણે વાદળાં બંધાયા છે. જે વાદળો ગુજરાત અને મહારાષ્ટ્રના દરિયાખાંઠા તરફ આગળ આવી રહ્યા છે. વાદળો બંધાતા આગામી ૪૮ કલાક દરમ્યાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં સામાન્યથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આજે દિવસ દરમ્યાન સુરત સહીત રાજ્યના કેટલાક શહેરોમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરીને મનમુકીને વરસ્યો હતો. કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાવાના અહેવાલો સાંપડી રહ્યા છે.

# ગાંધીનગરમાં રમઝાનનો ઉલ્લાસપૂર્વક પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૧

આજથી સમગ્ર દેશમાં એક સાથે રમઝાન માસનો પ્રારંભ થયો છે. ગઈકાલ રાત્રે તરાવીહની નમાઝ સાથે શરૂ થયેલા રમઝાન માસથી શહેરના મુસ્લિમ બિરાદરોમાં આનંદ ઉલ્લાસ છવાયો છે.



મંગળવારે ચંદ્ર દર્શન ન થતા રમઝાન બુધવારના બદલે ગુરૂવારથી શરૂ થયા છે. બુધવારે રાત્રે શહેરની મસ્જિદોમાં તરાવીહની નમાઝ અદા કરવામાં આવી હતી. ત્યારબાદ આજે પહેલો રોઝો મુસ્લિમ બિરાદરોએ રાખ્યો હતો. બજારોમાં રમઝાન માસની ખરીદી ઉઘડી હતી. સુકામેવા, ફળો, મિઠાઈ અને ફરસાણનું વેચાણ વધ્યું હતું. શહેરી અને ઈફતારી સમયે ઉપયોગમાં લેવાતી ખાવા પીવાની ચીજવસ્તુઓને વેચાણ વધ્યુ હતુ. મસ્જિદોમાં સાંજે સામુહિક ઈફતાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુસ્લિમ વિસ્તારોમાં આખો દિવસ આધ્યાત્મિક માહોલ છવાયેલો રહ્યો હતો. આ વર્ષે વિશ્વના મોટાભાગના દેશોમાં ૨૯મી શાબાનના ચંદ્ર દર્શન થયા ન હોવાથી ગુરૂવારથી જ બધા સ્થળોએ રોઝા શરૂ થયા છે. આ સંજોગોમાં આ વર્ષે ૨૯ રોઝા થશે અને ૯મી ઓગષ્ટના રોજ નિશ્ચિત સ્વરૂપે ઈદ મનાવવામાં આવશે. ગુજરાતમાં મોટાભાગે ૧૪ કલાકથી ૧૫ કલાકનો રોઝાનો સમય રહેશે. શરૂઆતમાં ૧૪ કલાક ૫૩ મિનિટનો રોઝો હશે જે છેલ્લે ૧૪ કલાક ૨૫ મિનિટનો થઈ જશે. આખો મહિનો ઈબાદતથી ભરપૂર રહેશે.

## ગઢવી બેસણું



અમારા માતુશ્રી ગં. સ્વ. કંકુબા નારણભાઈ ગઢવી તા. ૧૦-૭-૨૦૧૩ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. તેમનું બેસણું તા. ૧૩-૭-૨૦૧૩ને શનિવારે સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી અમારા નિવાસસ્થાને રાખેલ છે. ઉત્તરક્રિયા તા. ૨૦-૭-૨૦૧૩ને શનિવારના રોજ રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૭૨૮/૨, સેક્ટર-૫/બી, ખોડીયાર માતાજી મંદિર પાછળ, ગાંધીનગર

| | |
|---|---|
| રામદાન નારાણદાન ગઢવી | સ્વ. શંકરદાન જીવાભાઈ ગઢવી પરિવાર |
| (તલાટી કમ મંત્રી, પોર ગ્રામ પંચાયત) | શિવદાન જીવાભાઈ ગઢવી |
| મહાવીર રામદાન ગઢવી | ડૉ. પ્રભુદાન જીવાભાઈ ગઢવી |
| | મોજદાન જીવાભાઈ ગઢવી |
| | અંબાદાન જીવાભાઈ ગઢવી |

ઝુલા પરિવાર – સુરપુરા



દીકરીઓનાં વ્રતો અને તહેવારોની મૉસમ નજદીક આવી ગઈ છે ને એમના મનોરંજન માટે બાલ નગરી અર્થાત્ ફન પાર્કની શરૂઆત પણ ગાંધીનગરમાં થઈ ચૂકી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# સે-૮માં છેલ્લા એક સપ્તાહથી સ્ટ્રીટલાઈટો બંધ થતી જ નથી !

## સ્ટ્રીલાઈટની જાળવણીના મામલે સેકટરોનો રાઉન્ડ લેવાનું પણ બંધ

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટરોમાં અજવાળુ પાથરતી સ્ટ્રીટલાઈટ માટે સરકાર દ્વારા પ્રતિમાસ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. સેકટરોમાં સ્થિત હજારો સ્ટ્રીટ લાઈટના પોલ્સની જાળવણી માટે ટોરેન્ટ પાવરને જવાબદારી સોંપવામાં આવી છે. આવા સંજોગોમાં સેકટરોના કેટલાક વિસ્તારમાં રાત્રે સ્ટ્રીટલાઈટો ડૂલ હોવાની ફરિયાદોનું પ્રમાણ વધ્યુ છે. જયારે સે-૮માં ૨૪ કલાક સ્ટ્રીટલાઈટ ચાલુ રહેતા બિન જરુરી વિજવપરાશ થતો હોવાનો આક્રોશ સ્થાનિક રહીશોમાં પ્રવર્ત્યો છે.

શહેરના સેકટરોમાં રાત્રિ દરમિયાન ઉજાસ પાથરવા સ્ટ્રીટ લાઈટના હજારો પોલ્સ ફીટ કરવામાં આવ્યા છે. જયારે સ્ટ્રીટલાઈટની જાળવણી માટે પ્રતિ વર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. વરસાદી દિવસોમાં સેકટરોની સ્ટ્રીટલાઈટો છાશવારે ડૂલ થઈ જાય છે. જો કે આ મામલે તંત્ર દ્વારા અગાઉ પ્રિ-મોન્સુન ટ્રીટમેન્ટ પણ હાથ ધરવામાં આવી હતી. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાની બૂમ વચ્ચે સે-૮માં છેલ્લા સાત દિવસથી ૨૪ કલાક સ્ટ્રીટલાઈટો ચાલુ રહેતી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. દિવસ અને રાત સ્ટ્રીટલાઈટો સતત ચાલુ રહેતા બિનજરૂરી વિજવપરાશ થતો હોવાનો આક્રોશ સ્થાનિક નાગરિકોએ વ્યકત કર્યો છે. જયારે સેકટરોમાં સ્ટ્રીટલાઈટની ચકાસણી મામલે અગાઉ ટોરેન્ટ પાવર દ્વારા રાઉન્ડ લઈ સર્વે કરવામાં આવ્યો હતો. પરંતુ છેલ્લા કેટલાક સપ્તાહથી સ્ટ્રીટલાઈટની ચકાસણી કરવાની પ્રક્રિયા બંધ કરી દેવાતા સ્ટ્રીટલાઈટની સેવા કથળી છે.

# પારિવારીક ભાવના કેળવવા એડવોકેટ ક્લબની સ્થાપના

## વકીલ પરિવારજનોના સુખ દુઃખમાં ભાગીદાર થવા ક્લબનો ઉદ્દેશ

ગાંધીનગર, તા. ૧૧

રથયાત્રાના દિવસે ગાંધીનગરમાં એડવોકેટ ક્લબની સ્થાપના કરવામાં આવી હતી. વકીલો પરિવારજનોના સુખ દુઃખના પ્રસંગે એકમેકને સહાયરૂપ બને તેવા આસયથી આ ક્લબની સ્થાપના કરવામાં આવી છે.

ગાંધીનગર એડવોકેટ ક્લબ અંગે અગ્રણી વકીલ અશ્વિન ત્રિવેદીએ માહિતી આપતા જણાવ્યું હતું કે વકીલોમાં પારિવારિક ભાવના વધુ મજબૂત બને તેમજ નવતર કાર્યક્રમોનું આયોજન થઈ શકે તે માટે આ ક્લબની સ્થાપના કરવામાં આવી છે. રથયાત્રાના દિવસે સાંજે ૬ કલાકે સે. ૧૭ ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ ખાતે આ ક્લબનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. ક્લબના ઉદ્દ્ઘાટન પ્રસંગે સિનિયર એડવોકેટ આર.કે. પટેલ, અતુલ પંડ્યા, ડી.એ. રાવલ, મયંકભાઈ વોરા તેમજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના કોપ્ટ મેમ્બર તરીકે નિમણૂંક પામેલા લાલસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા.

આ તબક્કે આર.કે. પટેલે ભવિષ્યના કાર્યક્રમો તેમજ ક્લબના બંધારણની રૂપરેખા આપી હતી. આ વેળાએ જિલ્લામાંથી સૌ પ્રથમવાર બાર



કાઉન્સિલ ઓફ ગુજરાતમાં મેમ્બર તરીકે નિમણૂંક પામેલા બારના પૂર્વ પ્રમુખ લાલસિંહ ગોહીલનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અશ્વિન ત્રિવેદીએ કર્યું હતું.

જણાવ્યું હતું કે એડવોકેટ ક્લબનો મુખ્ય ઉદ્દેશ વકીલોના પરિવારોનો પરસ્પર પરિચય થાય તેમજ વકીલો સુખ દુઃખના પ્રસંગમાં એકબીજાને ઉપયોગી થાય તેવો છે. વકીલ મયંક વોરાએ પણ




ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧




SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com